# સિવિલની ડચકા ખાઈ ચાલતી એમ્બ્યુલન્સ

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છાશવારે એમ્બ્યુલન્સ બગડતી હોવાના કિસ્સા સામે આવે છે. સિવિલમાં કાર્યરત એમ્બ્યુલન્સના કિલોમીટર પુરા થઈ ગયા છે, તેમ છતા તંત્ર દ્વારા હંકારવામાં આવી રહી છે. જેને પગલે દર્દીઓને લઈને જતી એમ્બ્યુલન્સ માર્ગ વચાળે ગમે ત્યારે ખોટકાય તેવી સ્થિતિ ઉભી થાય છે. ત્યારે એમ્બ્યુલન્સ ડચકા ખાઈને ચાલતી એમ્બ્યુલન્સને પણ મરામતની જરુર હોય તેમ લાગી રહ્યું છે.

ગુજરાત મેડીકલ એજ્યુકેશન એન્ડ રીસર્ચ સોસાયટી સંચાલિત ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગના આવે છે. પાંચ માળની ઓપીડી અને આઠ માળની ઈન્ડોર બિલ્ડીંગ દર્દીઓથી ખીચોખીચ ભરેલી હોય છે. ત્યારે તાત્કાલીક વિભાગમાં ગંભીર ઈજા પામેલા દર્દીઓને વધુ સારવાર માટે



અમદાવાદ ખસેડવામાં આવે છે.તો બીજીતરફ આઠમાળની ઈમારતમાંથી પણ કેટલાક દર્દીઓને વધુ સારવાર માટે મોકલવામાં આવે છે. જેને પગલે સિવિલની એમ્બ્યુલન્સ સતત દોડાદોડી કરતી નજરે પડે છે. ત્યારે સિવિલમાં કાર્યરત મોટાભાગની એમ્બ્યુલન્સ કિલોમીટર પુરા થઈ ગયા છે. તો બીજીતરફ કાયમી ડ્રાઈવરો બેસી રહેતા કરાર આધારીત ડ્રાઈવરોને ધકેલવામાં આવતા હોવાની ફરીયાદો ઉઠવા પામી છે. જયારે આઈસીયુ ઓન વ્હીલને પણ સારવારની જરુર હોય તેમ લાગી રહ્યું છે. લાખો રૂપીયાની આઈસીયુઓન વ્હીલને પણ ધક્કા મારીને ચાલુ કરવાની જરુર પડે છે. ત્યારે સિવિલની કિલોમીટર પુરા થઈ ગયેલા વાહનોને સાઈડમાં મુકી દેવા જોઈએ. જયારે બીજી તરફ નવા લાવેલા વાહનોની હાલત પણ કફોડી બની જવા પામી છે તેની પણ તપાસ થવી જોઈએ. જયારે સિવિલ દર્દીઓને લઈને જતી એમ્બ્યુલન્સ પણ સારવાર માટે લાઈનમાં ઉભી હોય તેમ લાગી રહ્યું છે.

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




પહેલાની અમારી સરકારમાં ફક્ત એટલો ફર્ક છે કે અમે બોલ્યા વગર કરી નાખતા...




## નવા સાઈન બોર્ડ તોફાનીઓની ઝપટે ચડ્યાં

ઘણીવાર કોઈ મહત્વના સ્થળોના દિશાસૂચક બોર્ડ ના હોય અથવા ખોટી દિશામાં લગાડાયાં હોય તેવા કિસ્સા જોવા મળે છે અને તે માટે તંત્ર માથે માછલાં ધોવાતા હોય છે. જોકે સિક્કાની બીજી બાજુ એવી પણ છે કે તંત્ર દ્વારા આ પ્રકારના બોર્ડ લગાડાયાં હોય તેની સાથે પોતાના વિકૃત આનંદ માટે તેને તોડવા-મરોડવા કે લખાણ સાથે ચેડાં કરવા જેવી ચેષ્ટાઓ કરનારા તત્વો પણ ઓછા નથી. શહેરના ખ-રોડ પર હમણાં જ આ રીતે ગ્લોબલ વાઈબ્રન્ટ સમિટ દરમ્યાન લગાડાયેલા નવા દિશાસૂચક બોર્ડને કોઈ તોફાની તત્વોએ તોડવા પ્રયાસ કર્યો છે. પોતાની મસ્તી કે રોષ આ રીતે વ્યક્ત કરનારાઓ એ ભૂલી જાય છે કે આ બોર્ડ બહારગામથી આવનારા મુલાકાતીઓ માટે કેટલુ અગત્યનું હોઈ શકે છે.

# ગાંધીનગર ટાઉન હોલ ખાતે પંચાયત સેવા (વર્ગ-૩)ના ૬૭૬ સફળ ઉમેદવારોને નિમણૂક પત્ર એનાયત

ગાંધીનગર, તા. ૫
પંચાયત સેવા (વર્ગ-૩)ના સંવર્ગમાં પસંદ થયેલ ઉમેદવારોના નિમણૂક પત્રો એનાયત કરતાં



પંચાયત મંત્રી જયદ્રથસિંહજી પરમારે પંચાયતના કર્મચારીઓનું મહત્વ જણાવતાં કહ્યું હતું કે, કર્મયોગીઓ થકી જ રાજ્ય સરકારની કામગીરી દીપી ઉઠે છે. ગરીબ અને છેવાડાના માનવીને રાજ્ય સરકારની વિવિધ યોજનાઓનો લાભ મળે તેવા પંડિત દીનદયાલના સ્વપ્નને સાકાર કરવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વવાળી રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે.

મંત્રી જયદ્રથસિંહજીના હસ્તે પંચાયત સેવા (વર્ગ-૩)ના મુખ્ય સેવિકા, સંશોધન મદદનીશ, વિસ્તરણ અધિકારી, નાયબ ચીટનીશ, સ્ટાફ નર્સ અને સમાજ કલ્યાણ નિરીક્ષક સંવર્ગમાં પસંદ થયેલ ઉમેદવારોને નિમણૂક પત્રો આજે ગાંધીનગર ખાતે એનાયત કરવામાં આવ્યા હતા.

પંચાયત વિભાગના અગ્ર સચિવ એ.કે. રાકેશે પંચાયતી રાજનું મહત્વ જણાવતાં કહ્યું હતું કે ગુજરાતનું પંચાયત તંત્ર એ સક્રિય અને ધબકતું તંત્ર છે. વર્ષ ૨૦૧૫થી ૨૮,૯૦૦ જેટલી જગ્યાઓ પંચાયત વિભાગમાં ભરવા માટેનું આયોજન રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવ્યું છે. જેના પરિણામે આજ સુધીમાં ૨૩,૬૦૦ જેટલી જગ્યાઓ પર રાજ્યના યુવાનોને નિમણૂક આપીને રોજગારીની તકો પુરી પાડી છે.

ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડના ચેરમેન નરેશભાઈ શાહે આ નિમણૂક પત્ર એનાયત સમારોહમાં બોલતાં સફળ ઉમેદવારોને જ પંચાયતના કામના ખરા એમ્બેસેડર ગણાવ્યા હતા. તેમણે ઉમેર્યુ હતુ કે વિવિધ સંવર્ગ માટે સાત લાખ જેટલી અરજીઓ આવી હતી. આ સમગ્ર ભરતી પ્રક્રિયા ત્રણ થી ચાર મહિનામાં પારદર્શક રીતે ઝડપથી પાર પાડવામાં આવી છે. આ સમારોહમાં કુલ ૬૭૬ નિમણૂક પત્રો એનાયત કરી સફળ ઉમેદવારો અને તેમના પરિવારને મંત્રી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

આ નિમણૂક પત્ર એનાયત સમારોહમાં વિકાસ કમિશનર નલિન પી. ઠાકર, નાયબ વિકાસ કમિશનર એસ.બી. પટેલ, અધિક વિકાસ કમિશનર આર.જે. હાલાણી, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી આર.આર. રાવલ તથા બોર્ડના સભ્યો સુષ્માબેન અગ્રવાલ, નીતિનભાઈ પટેલ, રાજીકાબેન કચેરીયા, પ્રશાંતવાળા અને સફળ ઉમેદવારો ઉપસ્થિત રહ્યાં હતાં.

# ફતેપુરામાંથી ૧૭ વિદેશી દારૂની બોટલ સાથે એક યુવક ઝડપાયો

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર શહેરમાં સમાવેશ સેકટર-૧૫ ફતેપુરામાં બળીયાદેવ મંદિર સામે આવેલા ઘરમાંથી ૧૭ બોટલ વિદેશી દારૂ સાથે એક યુવકને પકડી પાડી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

શહેરના ફતેપુરામાં બળીયાદેવ મંદિરની સામે આવેલા મકાનમાં એક યુવક પોતાના ઘરમાં વિદેશી દારૂનો જથ્થો રાખી ને છુટક વેચાણ કરે છે તેવી બાતમી સે-૭ પોલીસ મથકના ડી સ્ટાફના રતનસિંહને મળી હતી. પોલીસે બાતમીને આધારે બળીયાદેવ મંદિર સામે રહેતા અજય ઉર્ફે ભયલુ રમેશજી ઠાકોર(૨૧) વર્ષ ને પકડી પાડ્યો હતો અને ઘરમાં ચકાસણી કરતા પ્રથમ માળે એક મીણીયાથી કોથળીમાં વિદેશી દારૂની ૧૭ બોટલો મળી આવી હતી. પોલીસે ૧૭ નંગ કિ.રૂ. ૬૭૦૦ નો દારૂનો જથ્થો અને અને એક મોબાઈલ મળીને કુલ રૂ. ૭૩૦૦ કિંમતનો મુદ્દામાલ કબ્જે કર્યો છે.પોલીસે આરોપી અજય રમેશજી ઠાકોર સામે પ્રોહીબેશનનો કેસ નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આજ કી શામ ભારત કી સેના કે નામ નાટક યોજાશે

ભારતીય સંસ્કૃતિ સાથે સંકળાયેલ તમામ કલા પ્રકલ્પો, અનુભવી અને ગૌરવ સમાન કલાકારોને યથોચિત સ્મૃતિ અર્પણ કરી નવા અને ઉગતા કલાકારોને યોગ્ય વાતાવરણ પુરૂ પાડવાના હેતુથી ગુજરાત સરકારના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, અમદાવાદ મહાનગરપાલિકા તેમજ ભવન્સ કલ્ચરલ અકાદમી અને સેન્ટર ફોર આર્ટસના સંયુક્ત ઉપક્રમે ‘આજ કી શામ ભારત કી સેના કે નામ’ શિર્ષક સાથે એક કાર્યક્રમનું આયોજન તા. ૬ માર્ચના રોજ ભવન્સ જે.એ. હોલમાં સાંજે ૮.૩૦ વાગ્યે કરવામાં આવ્યુ છે. કાર્યક્રમમાં ભારતીય સેનાના બહાદુરીભરી સેવા અને પરાક્રમને પ્રજાનું પીઠબળ અને પ્રોત્સાહન આપવા અર્થે દેશભક્તિ શૌર્યગીત ગાથાનું કવિ સંમેલન અને મુશાયરાનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં તુલસી માનવ મંદિર હરિદ્વારના જુના અખાડાના વરીષ્ઠ મહામંડલેશ્વર સ્વામી અર્જુનપુરી મહારાજજી ખાસ ઉપસ્થિત રહેશે.

ગુજરાતના સુપ્રસિદ્ધ કલાકારો ડૉ. જગદીશ ત્રિવેદી, શાહબુદ્દીન રાઠોડ, જીતુભાઈ દ્વારકાવાળા અને નીરવ મહેતા દ્વારા કવિ સંમેલન અને વકતવ્યોનું આયોજન કરવામાં આવશે. સંસ્થા દ્વારા જાહેર જનતાને ઉપસ્થિત રહેવા જણાવાયુ છે.

# શિહોલી મોટી ગામે લાકડાં લેવા જેવી બાબતે મારામારી

ગાંધીનગર, તા.૫
ગાંધીનગર તાલુકાના શિહોલી મોટી ગામે લાકડા લેવા જેવી સામાન્ય બાબતે બે પરિવારો વચ્ચે થયેલી માથાકુટ મારામારી સુધી પહોંચી ગઈ હતી.જેમાં ગામની બે મહિલા સહિત એક પરિવારના ૪ સભ્યો સામે ફરિયાદ નોંધાતા પોલીસે ગુનોં નોધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ શિહોલી મોટી ગામે દાદાવાળા વાસમાં રહેતા મનુજી રામસંગજી ઠાકોર ગત તા.૨૫ ફેબ્રુઆરીના રોજ વાવાઝોડુ જેવું વાતાવરણ થતા તેમના ખેતરના છેડે આવેલા બે ઝાડ પડી ગયા હતા. જેના લાકડા સોમવારે બાજુના ખેતરવાળા બંને ભાઈઓ દિનેશજી અને મહેશજી ગાભાજી ઠાકોર સાંજે ૪ વાગ્યાના અરસામાં લાકડા લઈ ગયા હતા. જેને પગલે ફરિયાદી અને તેમના ભાઈ સાત વાગ્યાના અરસામા દિનેશજીના ઘરે આ મુદ્દે ચર્ચા કરવા ગયા હતા. ચર્ચા કરતા કરતા લાકડાની વાતે ઉગ્ર સ્વરુપ ધારણ કરતા દિનેશજી, તેમના પત્નિ સવિતાબેન, ભાઈ મહેશજી અને માતા સમુબેને તેમની સાથે મારામારી કરી હતી. જેમાં બંન્ને ભાઈઓને ધોકા અને ગટદાપાટુનો માર મારતા મનુજીએ બનાવ અંગે ચિલોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ગાંધીનગર જિલ્લાના ૪૧૦ સ્વામી વિવેકાનંદ મંડળોને વોલીબોલ અને ક્રિકેટની કીટનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા.૫
રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અને ગુજરાત રાજ્ય યુવક બોર્ડના સંયુક્ત ઉપક્રમે આજે ગાંધીનગર જિલ્લાના સ્વામી વિવેકાનંદ યુવા મંડળોનો કીટ વિતરણ સમારંભ પ્રેક્ષાભારતી, કોબા ખાતે યોજાયો હતો. આ સમારંભને ગુજરાત રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીન અને ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના હસ્તે ખુલ્લો મુકાયો હતો. આ સમારંભમાં ગાંધીનગર જિલ્લાના ૪૦૦થી વધુ યુવા મંડળોને વોલીબોલ અને ક્રિકેટની કીટ આપવામાં આવી હતી.

આ પ્રસંગે ગુજરાત રાજયના આયોજન પંચના ઉપાધ્યક્ષ શ્રી નરહરિભાઈ અમીને જણાવ્યું હતું કે, યુવકો રાષ્ટ્ર વિકાસના ભાગીદાર બને, દેશ ભાવના ઉજાગર થાય અને શારીરિક રીતે સશક્ત બને તેવા ઉમદા આશયથી રાજયના રમતગમત યુવક બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ મંડળોની રચના કરવામાં આવી છે. હાલમાં રાજયમાં ૧૬૦૦ થી વધુ આવા મંડળો કાર્યરત છે. યુવાનોને સશક્ત બનાવવા માટે રાજયમાં ખેલ મહાકુંભ અને દેશમાં ખેલો ઈન્ડિયા ના કાર્યક્રમ અમલી બનાવ્યા છે. જેની ફલશ્રૃતિ રૂપે આજે ઓલમ્પિકમાં દેશના યુવાનો ગોલ્ડ અને સિલ્વર જેવા મેડલ જીતી રહ્યા છે..

ગાંધીનગરના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરે જણાવ્યું હતું કે,



યુવાનોએ સ્વામી વિવેકાનંદના સૂત્ર ‘ઉઠો જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો’ ને જીવનમાં ઉતારી પોતાના જીવનના ધ્યેય સુધી સતત પ્રયત્નશીલ રહેવું જોઈએ. તેમણે સ્વામી વિવેકાનંદ મંડળની રચના કરવા પાછળના ઉમદા આશયની પણ વાત કરી હતી.

ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી એસ.કે.લાંગાએ જણાવ્યું હતું કે, આજનું યુવાધન વોટસઅપ પર પોતાનો કિંમતી સમય બગાડી રહ્યો છે. તેમને અન્ય દિશાએ લઈ જવા અને માનસિક તથા શારિરીક રીતે સશક્ત બનાવવા માટે સ્વામી વિવેકાનંદ મંડળની પ્રવૃત્તિઓ ઉપયોગી છે. એવું કહેવાય છે કે ૩૦ વર્ષ સુધી કોઈ વ્યકિતમાં વ્યક્તિત્વનો વિકાસ કરી શકાય છે. અભ્યાસ અને અક્ષરજ્ઞાન સાથે સંપૂર્ણ વ્યકિતત્વનું ઘડતર કરવા માટે રમતગમત ખૂબ જ મોટો ભાગ ભજવે છે. રમત ગમત થકી યુવાનોમાં ખેલદિલીની ભાવના ઉજાગર થાય છે.

આ પ્રસંગે યુવાનોને પ્રેરણારૂપ પ્રવચન ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ શ્રી નૈલેશભાઈ શાહે આપ્યું હતું. કાર્યક્રમના આરંભે જિલ્લા વિકાસ અધિકારી શ્રી આર.આર.રાવલે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કર્યું હતું.

આ પ્રસંગે ગાંધીનગર જિલ્લાના ૪૦૦ થી વધુ મંડળોને વોલીબોલ અને ક્રિકેટની કીટ અર્પણ કરવામાં આવી હતી. જેમાં દહેગામ તાલુકાના ૧૩૫, માણસા તાલુકાના ૭૯, કલોલ તાલુકાના ૯૪ અને ગાંધીનગર તાલુકાના ૧૦૨ સ્વામી વિવેકાનંદ મંડળોને કીટ આપવામાં આવી હતી.

# ‘ડ્રાઈવર બેન’ના સથવારે મહિલાઓ બની પગભર

### બીન પરંપરાગત કહી શકાય તેવા ડ્રાઈવીંગના વ્યવસાયમાં ‘જન વિકાસ’ સંસ્થા મહિલાઓને પદ્ધતિસરની તાલીમ દ્વારા સન્માનજનક સ્થાન આપી રહી છે

ગાંધીનગર, તા. ૫
પુરૂષોના આધિપત્યવાળા ક્ષેત્રમાં મહિલાઓ પોતાનુ નસીબ અજમાવે તેવુ ભાગ્યે જ બને છે, અને તેમાંય વ્યવસાયી રીતે ડ્રાઈવીંગ કરવુ તે મહિલાઓ માટે લોઢાના ચણા ચાવવા જેવુ કામ છે. મહિલાઓને પગભર કરવા માટે નોંધપાત્ર કાર્ય કરનાર સંસ્થા જનવિકાસે દોઢસો જેટલી મહિલાઓને ડ્રાઈવીંગની પદ્ધતિસરની તાલીમ આપી છે. તો સાથે જ તેઓને પ્રોફેશનલ ‘સોફર’ તરીકે ગણમાન્ય સંસ્થાઓમાં નોકરી અપાવી પગભર પણ બનાવી છે.



વિશ્વ મહિલા સપ્તાહની ઉજવણી શરૂ થઈ ગઈ છે ત્યારે જરૂરીયાતમંદ મહિલાઓને પગભર બનાવવાના કાર્યમાં નોંધપાત્ર કામગીરી કરી રહેલી સંસ્થા ‘જનવિકાસ’નો ઉલ્લેખ કરવો જ ઘટે. ૧૯૮૭માં સ્થપાયેલ આ સંસ્થા જાતિ, ધર્મ કે જ્ઞાતિના કારણે સમાજમાં ભેદભાવનો સામનો કરી રહેલા વ્યક્તિઓને પગભર બનાવવા અને તેઓની મદદ કરવા માટે હરહંમેશ તૈયાર રહે છે. ખાસ ત્યક્તા, વિધવા કે ગરીબ જરૂરીયાતમંદ મહિલાઓ સમાજમાં સન્માનભેર જીવી શકે તે માટે આ સંસ્થા વિવિધ વ્યવસાયીક કાર્યક્રમો પણ ચલાવે છે.

‘ડ્રાઈવરબેન’ એ સંસ્થાનો એક મહત્વનો પ્રોજેક્ટ છે. ડ્રાઈવીંગનો વ્યવસાય હંમેશા પુરૂષોના આધિપત્યવાળો ગણાય છે. શહેરોની કેટલીક મહિલાઓ શોખ ખાતર કે જરૂરીયાત મુજબ ગાડી ચલાવી લે છે પરંતુ વ્યવસાયી રીતે ડ્રાઈવીંગ કરવુ તે મહિલાઓ માટે ખૂબ જ અઘરી બાબત છે. મહિલાઓ માટે બીન પરંપરાગત કહી શકાય તેવા વ્યવસાયોમાં મહિલાઓ હવે ધીમે ધીમે પગદંડો જમાવી રહી છે, પરંતુ ડ્રાઈવીંગ જેવા વ્યવસાયમાં હજુ માત્ર ગણીગાંઠી મહિલાઓ જ કાર્યરત છે. જનવિકાસ સંસ્થા મહિલાઓને ડ્રાઈવીંગની પદ્ધતિસરની તાલીમ આપી તેઓને સમાજમાં માનભેર જીવન જીવી સકાય તેવો દરજ્જો આપી રહી છે. આઝાદ ફાઉન્ડેશનના સહયોગથી અત્યાર સુધી દોઢસો જેટલી મહિલાઓને ડ્રાઈવીંગ શીખવવામાં આવ્યુ છે. સાથે જ તેઓને વિવિધ સંસ્થાઓમાં ડ્રાઈવર તરીકે નોકરી પણ અપાવી તેઓના જીવનના નવો ઉજાશ પાથર્યો છે. મહિલા દિને આ જાંબાઝ મહિલાઓ અને ‘જનવિકાસ’ સંસ્થાને સલામ અને ખૂબ ખૂબ શુભેચ્છાઓ.



## હાઈકોર્ટના જજ તરીકે શપથ લેતાં ભાર્ગવ ધીરેનભાઈ કારીઆ અને શ્રીમતી સંગીતાબેન કમલસિંહ વિશેન

ગુજરાત હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ અનંત એસ. દવેએ આજે હાઈકોર્ટના જજ તરીકે ભાર્ગવ ધીરેનભાઈ કારીઆ અને શ્રીમતી સંગીતાબેન કમલસિંહ વિશેનને પદ અને ગોપનીયતાના શપથ લેવડાવ્યા હતા. આ શપથવિધિ પ્રસંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, હાઈકોર્ટના નામદાર ન્યાયમૂર્તિઓ, એડવોકેટ જનરલ, વકીલો, હાઈકોર્ટના અધિકારીઓ તથા નવા વરાયેલા જજના કુટુંબીજનો ઉપસ્થિત રહ્યા હતા.

## રાંધેજામાંથી ત્રણ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર, તા.૫
રાધેજા ગામમાં જુગાર રમતા ત્રણ જુગારીઓને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા છે. રાંધેજા કૃષ્ણનગર ખાતે ખુલ્લી જગ્યામાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમીનો આધારે બાતમીવાળી જગ્યા પર તપાસ કરતા કૃષ્ણનગરમાં જ રહેતા મહેશ બાબુજી ઠાકોર, નરેશ કનુજી ઠાકોર અને દશરથ ગાભાજી ઠાકોર જુગાર રમતા પોલીસના હાથે પકડાઈ ગયા હતા. પોલીસે જુગાર રમવાના સાહિત્ય સાથે રૂ.૧૨૬૦ જપ્ત કરીને તમામ સામે જુગારધારાનો ગુનોં નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાજ્યકક્ષાની ગુજરાત સીડ કોંગ્રેસ-૨૦૧૯ યોજાઈ

ગાંધીનગર, તા. ૪
ગુજરાત સીડ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન દ્વારા રાજ્યમાં પ્રથમ વખત ગુજરાત સીડ કોંગ્રેસ-૨૦૧૯નું આયોજન કરવામાં આવ્યું હતું. જે રાજ્યકક્ષાની પ્રથમ ઈવેન્ટ છે. જેની શરૂઆત ગુજરાત રાજ્યમાં થઈ છે.

ગુજરાત સીડ ઈન્ડસ્ટ્રીઝ અસોસીએશન દ્વારા કરવામાં આવેલ મુખ્ય હેતુ સીડ ટેકનોલોજીને સુદ્રઢ બનાવી સીડ સાયન્સમાં બાયોટેકનોલોજીનો ઉપયોગ કરીને ગુણવત્તાયુક્ત બિયારણ પુરા પાડી વડાપ્રધાન અને ગુજરાત સરકારના આવનાર વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતોની આવક બમણી કરવાના નિર્ધારને સફળ બનાવવા સીડ ઈન્ડસ્ટ્રીઝનો સહભાગી થવાનો છે.

રાજ્યકક્ષાની આ મેગા ઈવેન્ટમાં રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓનું સીડ ટેકનોલોજીમાં યોગદાન, ઈન્ટલેક્ચ્યુઅલ પ્રોપર્ટી રાઈટ્સ, બાયોટેક વગેરે વિષયો પર જે તે વિષયના નામાકિંત નિષ્ણાંતો દ્વારા રાજ્યના સીડ ઈન્ડરસ્ટ્રીઝમાંથી ઉપસ્થિત ડેલીગેટ અને વિવિધ વિષયની જાણકારી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં રાજ્યને દેશના અંદાજીત ૨૨૫ જેટલી સીડ કંપનીઓના ૪૦૦ કરતા વધુ પ્રતિનિધિઓ, બીજ ઉત્પાદકો, સીડ પ્રોસેસરોએ ભાગ લીધો હતો. સાથે સાથે રાજ્ય કૃષિ વિભાગના અધિક સચિવ બી.કે. કુમાર, ખેતી નિયામક બી.એન. મોદી, આણંદ કૃષિ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડૉ. એન.સી. પટેલ, દાંતીવાડા કૃષિ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડૉ. અશોક પટેલ, નેશનલ સીડ અસોસીએશન ન્યુ દિલ્હીના ડાયરેક્ટર આર.કે. ત્રિવેદી સાથે અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમને સફળ બનાવવા માટે ગુજરાતના સીડ ઈન્ડસ્ટ્રીઝ અસોસીએશનના પ્રેસીડન ડૉ. એન.પી. પટેલ, વાઈસ પ્રેસીડન ગિરધરભાઈ પટેલ, સેક્રેટરી પી.પી. ઝવેરી તથા એક્ઝેક્યુકેટીવ કમીટીના સભ્યોનું મહત્વનું યોગદાન રહ્યું હતું.